| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૨ | ૦૪ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | : | ૦૨ | ૦૪ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૦૬ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

---

**જામજોધપુર ના મે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.જામજોધપુર.**

---

**ફોજદારી કેસ નં.: ૪૨૦/૨૦૨૫**

**આંક : ૨૯**

**ફરિયાદી :-** **શ્રી સરકાર,**
જામજોધપુર પો.સ્ટે. ગુ.રજી.નં.૦૬૧૧/૨૦૨૪

**વિ....રુ....દ્ધ**

**આરોપીઓ :-**

(૧) **ભાવેશભાઈ સવદાસભાઈ ખુટી**
ઉ.વ.આ.૩૮, ધંધો:ખેતી
રહે.પરડવા ગામ,વાડી વિસ્તાર,
તા. જામજોધપુર જી.જામનગર

(૨) **લખમણ ભાઈ ઉર્ફે લખુ ડુલાભાઈ કુછડીયા**
ઉ.વ.આ.૩૫, ધંધો: ખેતી,
રહે.પરડવા ગામ,વાડી વિસ્તાર,
તા.જામજોધપુર જી.જામનગર

(૩) **રમેશભાઈ રાજાભાઈ ઓડેદરા**
ઉ.વ.આ.૩૨, ધંધો: ખેતી,
રહે.પરડવા ગામ,વાડી વિસ્તાર,
તા.જામજોધપુર જી.જામનગર

(૪) **માંડાભાઈ બુધાભાઈ રાઠોડ**
ઉ.વ.આ.૨૮, ધંધો:ખેતી તથા ડ્રાઈવીંગ,
રહે.પરડવા ગામ,

તા.જામજોધપુર, જી.જામનગર

(૫) **અશોકભાઇ ભીખુભાઇ ઓડેદરા**
ઉ.વ.આ.૩૯ , ધંધો:ખેતી
રહે.પરડવા ગામ,વાડી વિસ્તાર,
તા. જામજોધપુર જી.જામનગર

( ૬ ) **રામભાઇ અરશીભાઇ સીસોદીયા**
ઉ.વ.આ. ૪૪ , ધંધો:ખેતી
રહે.પરડવા ગામ,વાડી વિસ્તાર,
તા. જામજોધપુર જી.જામનગર

( ૭ ) **દેવાભાઇ ભીમાભાઇ ઓડેદરા**
ઉ.વ.આ. ૨૫ , ધંધો:ખેતી
રહે.પરડવા ગામ,વાડી વિસ્તાર,
તા. જામજોધપુર જી.જામનગર

---

ગુન્હો: **જુગારધારાની કલમ–૧૨ મુજબ.**

---

---

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.:– **એસ.યુ.બાબી**
આરોપીઓ તરફે વિધ્વાન વકિલ :– **એન.એચ.લાલાણી**

---

## –: <u>ચુ કા દો</u> :–

૧– ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૩–૦૮–૨૦૨૪ ના રોજ કલાક ૦૧:૨૦ વાગ્યાની આસપાસ પરડવા ગામથી અમરાપર ગામ તરફ જવા રસ્તે ફોરેસ્ટ હદથી આગળ ડુગરાળ ખરાબા વિસ્તારમાં બાવળની કાટમાં ટોર્ચ લાઈટના અંજવાળે હોથીજી ખડબા ગામ જાહેરમાં આરોપીઓએ ગંજી પતાના પાના વડે તીનપતી રોન પોલિસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી

રેઈડ દરમ્યાન કુલ રોકડા રૂા.૨૧,૩૫૦/- તથા ગંજીપાનાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ એમ કુલ મુદામાલ રૂા.૨૧,૩૫૦/- સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, આ જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુના સબબ નોંધાયેલ. જે અંગેની ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ આપેલી.

૨- સદર ગુનાની ફરિયાદના કામે સંબંધિત તપાસ કરનાર અમલદારે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો નોંધેલ, આરોપીઓની અટક કરેલ તથા જરૂરી તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં, જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ.

૩- હાલના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજૂ થતા આરોપીઓને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવેલ. આ કામના આરોપીઓને સમન્સ બજતા તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુના સબબ, આંક-૦૪ થી ૧૦ થી આરોપીઓની પ્લી રેકર્ડો કરતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૪- ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | વિગત | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧ | પંચસાહેદ | રવિભાઈ કાનાભાઈ કટારાની જુબાની | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૨ | પંચસાહેદ | અનિલભાઈ બિજલભાઈ કટારાની જુબાની | ૨૦ |
| ૩ | ત.ક.અ | રાજેશભાઈ કાનાભાઈ કટારાની જુબાની | ૧૬ |
| ૪ | ફરીયાદી | કુણાલભાઈ ઘનશ્યામભાઈ હાલાની જુબાની | ૧૮ |
| ૫ | સાહેદ | દીલીપસિંહ વાઘુભા જાડેજાની જુબાની | ૨૨ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| અનુક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૨ | અસલ ફરિયાદ | ૧૭ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતા ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થતાં ભારતીયા નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ મુજબનું આરોપીઓ નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેમણે ફરિયાદ પક્ષના પુરાવાની હકીકતો નકારી કાઢી વિશેષમાં જણાવેલ છે કે તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ છે. તેમજ કબ્જે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ તેઓ કલેઈમ કરતા ન હોવાનું જણાવેલ છે તેમજ આરોપીઓએ પોતે સોગંદ પર જુબાની આપેલ નથી તેમજ બચાવના સાક્ષી તપાસેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.યુ.બાબી તથા આરોપીઓ ના વિ.વ.શ્રી એન.એચ.લાલાણીની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫– સદરહુ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૩–૦૮–૨૦૨૪ ના રોજ કલાક ૦૧:૨૦

વાગ્યાની આસપાસ પરડવા ગામથી અમરાપર ગામ તરફ જવા રસ્તે ફોરેસ્ટ હદથી આગળ ડુગરાળ ખરાબા વિસ્તારમાં બાવળની કાટમાં ટોર્ચ લાઈટના અંજવાળે હોથીજી ખડબા ગામ જાહેરમાં આરોપીઓએ ગંજી પતાના પાના વડે તીનપતી રોન પોલિસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી રેઈડ દરમ્યાન કુલ રોકડા રૂા.૨૧,૩૫૦/– તથા ગંજીપાનાના નં ગ–૫૨ કી.૩.૦૦/૦૦ એમ કુલ મુદામાલ રૂા.૨૧ ,૩૫૦/– સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, આ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬– ઉપરોકત મુદ્દાઓ માટેના નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –: કા ર ણો :–

**<u>મુદ્દા નં.૧</u> :–**

૭– આ કામે ફરિયાદ પક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી, ત.ક.અ. તથા પંચોને તથા પોલીસ સાહેદો તપાસેલા છે.

૭.૧– ફરીયાદપક્ષે ત.ક.અ. રાજેશભાઈ કાનાભાઈ કટારાને આંક–૧૬ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ અમો તથા સ્ટાફના પો.કો.કુણાલભાઇ ઘનશ્યામભાઇ હાલા તથા

પો.કો.દીલીપસિંહ વાઘુભા જાડેજા વિ.સ્ટાફના માણસો પો.ઈન્સ. વાય.જે. વાઘેલા સા. સાથે જામજોધપુર પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ક.૧૨:૫૫ વાગ્યે પરડવા ગામે પહોંચતા પો.કો.નવલદાન આસાણી ને ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં પરડવા ગામથી અમરાપર જવાના રસ્તા પર ફોરેસ્ટ હદ થી આગળ ડુંગરાળ ખરાબામાં ટોર્ચ લાઇટના અજવાળે અમુક ઇસમો જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે તીનપતિ રોનપોલિસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમે છે તેવી હકીકતના આધારે બે રાહદારી પંચો ને બોલાવી હકીકતની સમજ કરી હકીકત વાળી જગ્યાએ ક.૦૧:૨૦ વાગ્યે રેડ કરતા કુલ-૭ ઇસમો પકડાયેલ જેમાં પકડાયેલ ઇસમનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા ભાવેશભાઇ સવદાસભાઇ ખુંટી વિ-૭ રે.પરડવા તા.જામજોધપુર વાળા હોવાનું જણાવેલ. આ પકડાયેલ ઇસમો પાસેથી જુગાર ના સાધનો તથા પટમાંથી રોકડા રૂ.૨૧,૩૫૦/- મળી કુલ રોકડ રકમ રૂ.૨૧,૩૫૦/- તથા ગંજી પતાના પાના નંગ-૫૨નો મુદામાલ પંચનામાની વિગતે પો.ઈન્સ.શ્રી વાય.જે.વાઘેલા સા.એ કબ્જે કરેલ તથા સદર ઇસમોને અટક કરેલ. મજકુર ઇસમોએ જુ.ધા. કલમ ૧૨ મુજબનો ગુન્હો કરેલ હોય જેથી મજકુર આરોપીઓ સામે જુ.ધા.કલમ ૧૨ મુજબ ધોરણસર થવા સાથેના પો.કો.કુણાલભાઇ ઘનશ્યામભાઇ હાલાનાઓએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક- ૧૭ થી રજુ છે. સદર ગુનો રજીસ્ટર કરી તપાસ પો.ઈન્સ.શ્રી વાય.જે.વાઘેલાનાઓએ કરેલ અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ ત્યારબાદ તેઓની બદલી થતા તપાસ અમોને મળતા આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, પ્રથમ પંચનામું કરેલ અને ત્યારબાદ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગમાં જઇએ ત્યારે સ્ટેશન ડાયરીમા એન્ટ્રી કરવી જરૂરી હોય છે. એ વાત ખરી

છે કે કયા ઈસમે કેટલી હાર જીત કરેલ તે મારી તપાસમાં ખુલેલ નથી. એ વાત ખરી છે કે આ કામે પોલિસ સ્ટાફ સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે કયા ઈસમના હાથમાં કયા પાના હતા તે હું કહી શકું નહી.એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓના કબ્જામાંથી ખોટી રીતે અંગઝડતીની રકમ જપ્ત કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે આરોપીઓને આ બનાવમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે આવા કોઇ આરોપીઓ જુગાર રમતા મળી આવેલ ન હોવા છતાં ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા ખોટું ચાર્જશીટ કરેલ અને સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

૭.૨– ફરીયાદપક્ષે ફરીયાદી કુણાલભાઈ ઘનશ્યામભાઈ હાલાને આંક –૧૮ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ અમો તથા સ્ટાફના પો.હેડ કો.આર.કે.કંડોરીયા તથા પો.કો.દીલીપસિંહ વાઘુભા જાડેજા વિ.સ્ટાફના માણસો પો.ઇન્સ. વાચ.જે.વાઘેલા સા. સાથે જામજોધપુર પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ક.૧૨:૫૫ વાગ્યે પરડવા ગામે પહોંચતા પો.કો.નવલદાન આસાણી ને ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં પરડવા ગામથી અમરાપર જવાના રસ્તા પર ફોરેસ્ટ હદ થી આગળ ડુંગરાળ ખરાબામાં ટોર્ચ લાઇટના અજવાળે અમુક ઇસમો જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે તીનપતિ રોનપોલિસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમે છે તેવી હકીકતના આધારે બે રાહદારી પંચો ને બોલાવી હકીકતની સમજ કરી હકીકત વાળી જગ્યાએ ક.૦૧:૨૦ વાગ્યે રેડ કરતા કુલ –૭ ઇસમો પકડાયેલ જેમાં પકડાયેલ ઇસમનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા ભાવેશભાઇ સવદાસભાઇ ખુંટી વિ–૭ રે.પરડવા તા.જામજોધપુર વાળા હોવાનું જણાવેલ. આ પકડાયેલ ઇસમો પાસેથી જુગાર ના સાધનો તથા પટમાંથી રોકડા રૂ.૨૧,૩૫૦/– મળી કુલ રોકડ રકમ રૂ.૨૧,૩૫૦/– તથા ગંજી પતાના પાના નંગ–૫૨ નો મુદામાલ પંચનામાની વિગતે પો.ઇન્સ.શ્રી વાચ.જે.વાઘેલા સા.એ કબ્જે કરેલ તથા

સદર ઈસમોને અટક કરેલ.મજકુર ઈસમોએ જુ.ધા. કલમ ૧૨ મુજબનો ગુન્હો કરેલ હોય જેથી મજકુર આરોપીઓ સામે જુ.ધા.કલમ ૧૨ મુજબ ધોરણસર થવા અમોએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક– ૧૭ થી રજુ છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, પ્રથમ પંચનામું કરેલ અને ત્યારબાદ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગમાં જઈએ ત્યારે સ્ટેશન ડાયરીમા એન્ટ્રી કરવી જરૂરી હોય છે. એ વાત ખરી છે કે કયા ઈસમે કેટલી હાર જીત કરેલ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કયા ઇસમના હાથમાં કયા પાના હતા તે હું કહી શકું નહી.એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓના કબ્જામાંથી ખોટી રીતે અંગઝડતીની રકમ જપ્ત કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે આરોપીઓને આ બનાવમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે આવા કોઇ આરોપીઓ જુગાર રમતા મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ અને આજ રોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

૭.૩– ફરીયાદપક્ષે સાહેદ દીલીપસિંહ વાઘુભા જાડેજાને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને અનુરુપ પુરાવો રજુ રાખેલ છે.

૭.૪– ફરીયાદપક્ષે પંચસાહેદ રવિભાઈ કાનાભાઈ કટારાનાઓને આંક–૧૪ થી તથા પંચસાહેદ અનિલભાઈ બિજલભાઈ કટારાની જુબાનીને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ બંને પંચ સાહેદો આંક– ૧૫ થી રજુ કરવામાં આવેલ મુદામાલ કબજે કરેલ પંચનામાના પંચ સાહેદો છે. આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન

આપેલ નથી તેમજ ફરીયાદપક્ષ આંક–૧૫ થી રજુ કરવામાં આવેલ પંચનામાની કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ઉલ્ટાનું આ બંને પંચસાહેદોએ માત્ર આંક–૧૫ નું પંચનામું તૈયાર લખેલ હતુ તેમાં સહી કર્યાનું જણાવેલ છે. પરંતુ આ પંચનામામાં લખેલ અન્ય હકીકતો અંગે કોઈ સમર્થન આપેલ નથી. આમ, આ સાહેદ કે જેઓની રૂબરૂ આંક–૧૫ વાળુ પંચનામું કરવામાં આવેલ છે તેઓએ પંચનામાની કોઈ હકીકત જણાવેલ નથી કે આ સાહેદના પુરાવા પરથી પણ આ અદાલતના નમ્રપણે માનવા મુજબ આંક–૧૫ વાળુ પંચનામુ કે જે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવની તારીખે સમયે, વર્તમાન આરોપીઓ જુગાર રમતા મળી આવેલ હોય અને તેઓની પાસેથી જુગારનું સાહીત્ય તેમજ રોકડ રકમ કબજે કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તિશ્રી જે.બી. પારડીવાલા સાહેબે પંચનામું કાયદા મુજબ કયારે સાબીત ગણી શકાય અથવા કાયદા મુજબ કેવી રીતે સાબીત કરી શકાય આ અંગે **RAMESHBHAI HAJABHAI CHACHIYA V/S. STATE OF GUJARAT– Criminal Appeal No**.643/2007, **decided on dt**. 13/07/2012 **Coram: Honourable Chief Justice Mr. Bhaskar Bhattacharya and Honour–able Mr.Justice J.B. Pardiwala**] **held** :"**content of the Panchnama.**" "the investigating officer in his depostion is '**obliged**' in law prove the contents of the panchnama and it is only if the investigating office has successfully proved the content the discovery panchnama in according with law than in that cas prosecution may be justified in relying on such edvidance and the trial Court may also accept the

evidence." ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આંક–૧૫ (આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ મુદામાલ અંગેનું પંચનામા) ની હકિકતો આ કામેના ત.ક.અ.ની જુબાની વડે પણ સાબીત કરવામાં આવેલ નથી. વધુમાં પંચનામા અંગે કાયદાની પરિસ્થિતી સ્પષ્ટ છે કે પંચનામું એ માત્ર સમર્થનકારી પુરાવા તરીકે ઉપયોગ થઈ શકે, પરંતુ સબસ્ટેન્સીયલ પુરાવો ન ગણી શકાય અને જયારે સદરહુ પંચનામાના તથ્યો આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોની જુબાનીથી તેમજ આ કામેના તપાસ કરનાર અધિકારીશ્રીના પુરાવા પરથી પણ આંક–૧૫ વાળુ પંચનામું કાયદા મુજબ સાબીત થયેલ નથી તેવા સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ આંક– ૧૫ વાળું પંચનામું આરોપીઓની વિરૂધ્ધ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૮– આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામે મહત્વના કહી શકાય એવા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચોએ થી રજૂ થયેલ રેડ/મુદ્દામાલ રીકવરીના પંચનામાની વિગતો ને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઈ મુદ્દામાલની રીકવરી પુરવાર થયેલ નથી. આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો રજુ રાખેલ છે પરંતુ ચોકકસ કયા આરોપી પાસેથી કેટલા પતા પાના મળી આવેલ તેમજ કેટલી રોકડ મળી આવેલ તેવુ જણાવેલ નથી વગેરે વધુમાં પોલીસ સાહેદોના પુરાવા ધ્યાને લેતા બનાવવાળી જગ્યાએ કલાક ૧:૨૦ વાગે રેડ કરેલ હોવાનું જણાવે છે અને ટોર્ચના અજવાળે અમુક ઈસમો હારજીતનો જુગાર રમતા હોવાનું જણાવેલ છે. આમ, બનાવ રાત્રીના સમયનો હોવાનું ફલીત થતું હોય ત્યારે આરોપીઓને કેવી રીતે ઓળખેલ તે સ્પષ્ટ થતું નથી કે, તેવી સ્પષ્ટતા કરતો કોઈ પુરાવો આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોના પુરાવાથી

રેકર્ડ ઉપર આવેલો નથી કે રેઈડ વખતે બનાવવાળી જગ્યાએ આરોપીઓને ઓળખી શકાય તેવું અજવાળું હતું કે લાઈટનો પ્રકાશ હતો તેવુ પોલીસ સાહેદોએ પોતાના પુરાવામાં જણાવેલ નથી કે તે હકીકત સ્પષ્ટ કરતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, રેઈડ વખતે આરોપીઓની હાજરી બનાવવાળી જગ્યાએ હતી અને હાલના આરોપીઓ જ બનાવ વખતે જુગાર રમતા હતા તેવું શંકારહીત પુરવાર થતું નથી. તેમજ તપાસવામાં આવેલ પોલીસ સાહેદોના પુરાવાથી આરોપીઓ બનાવના સમયે અને સ્થળે રેઈડ વખતે જાહેરમાં ગંજીપાના પતા વડે તીનપતી રોનપોલીસ નામનો હારજીતનો જુગાર રમતા હતા તેવું શંકારહીત પુરવાર થતું નથી. આ ઉપરાંત આરોપીઓ પાસેથી જે કહેવાતો મુદ્દામાલ આઈટમો ગંજીપાના તથા ચલણીનોટો વગેરે કબ્જે કરવામાં આવેલ તે માત્ર પૈસા વડે હાર–જીતનો જુગાર રમવા માટેનું જ સાધન હોવાનું દર્શાવતો કોઈ જ પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવવાળી જગ્યાની આસપાસ વડલાના ઝાડ નીચે આવેલ હોઈ આ બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેવી પુરી સંભાવના હોવા છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવા ભેગા કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. વધુમાં જે નાણાં મળી આવ્યા તે ફરિયાદ પક્ષના કેસ મુજબ જુગારના જ હોવાનું દર્શાવતો પણ કોઈ માનવાલાયક પુરાવો ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ થયેલ નથી. આ પુરાવો જોતાં હાલના આરોપીઓ બનાવ સમયે ખરેખર તીનપતી રોન પૈસા વડે હાર–જીતનો જુગાર જ રમી રહયા હોવા બાબતે શંકા ઉત્પન્ન થાય છે અને તેનો લાભ આરોપીઓના ફાળે જાય છે.

૯– આમ, રેકર્ડ પર આવેલ તમામ પુરાવો લક્ષમાં લેતા, બચાવ પક્ષનો લેશમાત્ર એવો બચાવ નથી કે તેઓ જુગાર રમતા જ ન હતા. વિશેષ નિવેદનમાં આવી હકીકત બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. માત્ર આરોપીઓને શંકા ના લાભના આધારે છોડી મુકવામા આવે ત્યારે કબજે કરવામાં આવેલ રોકડ રકમ જુગારની રકમ ન હતી તેવુ માની શકાય નહી. આરોપીઓએ બચાવમાં લેતા એવા કોઈ પુરાવા રજુ કરેલા નથી જેથી પુરવાર થાય કે પોલીસે આરોપીઓ પાસેથી બળજબરીથી રોકડ રકમ કબજે કરેલ હોય. જેથી કબજે કરવામાં આવેલ રોકડ રકમ આરોપીઓને પરત સોંપવી ન્યાયોચિત જણાતુ નથી. જેથી સદર રોકડ રકમ સરકારશ્રીમાં ખાલસા કરવી ન્યાયોચિત જણાય છે.

૧૦– આમ, આ કામે સમગ્ર રીતે જોતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી તેમ ઠરાવી મુદ્દા નં .૧ નો નિર્ણય 'નકાર' માં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

૧. આ કામના આરોપીઓને (૧)**ભાવેશભાઈ સવદાસભાઈ ખુટી,** (૨)**લખમણભાઈ ઉર્ફે લખુ ડુલાભાઈ કુછડીયા** (૩)**રમેશભાઈ રાજાભાઈ ઓડેદરા** (૪) **માંડાભાઈ બુધાભાઈ રાઠોડ** (૫) **અશોકભાઇ ભીખુભાઇ ઓડેદરા** ( ૬ ) **રામભાઇ અરશીભાઇ સીસોદીયા** ( ૭ ) **દેવાભાઇ ભીમાભાઇ ઓડેદરા** ધંધો:ખેતી, રહે. બધા પરડવા ગામ, વાડી વિસ્તાર, તા. જામજોધપુર જી.જામનગર નાઓને બી.એન.એસ.એસની કલમ – ૨૭૮ અન્વયે જુગાર ધારાની

કલમ–૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાથી શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

૨. આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ અપિલ સમય બાદ સરકારશ્રીમાં રાજયસાત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદામાલ મોબાઈલ અથવા મો.સા નો વચગાળાનો જો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ માલીકીની ખરાઈ કરી તેના મુળ માલીકને મુદામાલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય પકડાયેલ જુગારના સાહીત્યનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીઓએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ ની કલમ ૪૮૧ મુજબ અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સદર ચુકાદો આરોપીઓની ગેરહાજરીમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દવારા શરદ જેઠાલાલ સાવલાના ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન તથા બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૨ ની જોગવાઇ અન્વયે જાહેર કરવામાં આવેલ છે.

**હુકમ આજ રોજ તારીખ : ૦૬ઠી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**( નરેશકુમાર રમેશભાઈ ગોહેલ )**
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.,
જામજોધપુર.
જજ કોડ : જીજે–૦ ૧૫૮૪.

સ્થળ : જામજોધપુર
તારીખ : ૦૬–૦૪–૨૦૨૬

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો